# ઈન્ડિયન ટેલેન્ટને વેલકમ કરવું જરૂરી

CITY GUEST

## આઈઆઈટી ગાંધીનગરમાં યુનિ. ઓફ ટેક્સાસના પ્રો. ડો. મેઘના સબરવાલનું લેક્ચર યોજાયું

• સિટી રિપોર્ટર અમદાવાદ

‘ખાસ કરીને ઈન્ડિયામાં હજુ પણ યુએસથી ટેલેન્ટેડ પીપલનો પોતાના વતનમાં પરત ફરવાનો ટ્રેન્ડ ચાઈના અને જાપાનની સરખામણીમાં સારો નથી. આપણા જ સાયન્ટિસ્ટ અને એન્જિનિયર્સ હાલ યુએસમાં મહત્ત્વના હોદ્દા પર રહીને તેના વિકાસમાં યોગદાન આપે છે ત્યારે આજના સમયમાં આપણા આ ટેલેન્ટેડ લોકો પરત આવે તે જરૂરી છે.’ આ શબ્દો છે આઈઆઈટી ગાંધીનગર ખાતે લેક્ચર આપવા માટે આવેલા યુનિવર્સિટી ઓફ ટેક્સાસના પ્રોફેસર ડો. મેઘના સબરવાલના.

ઈન્ડિયા, ચાઈના, કોરિયા, તાઈવાન અને જાપાનમાંથી યુ.એસમાં સાયન્ટિસ્ટ કે એન્જિનીયર સહિતના સારા હોદ્દા પર કામ કરતાં ટેલેન્ટેડ લોકોએ ટેકનોલોજીકલ ઈનોવેશન, વૈજ્ઞાનિક શોધખોળો સહિતની કામગીરીમાં પોતાનું યોગદાન આપીને યુએસના ઈકોનોમિક ગ્રોથને વધારવામાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે પરંતુ હવે ચાઈના અને જાપાન તમના દેશમાં જન્મેલા આ ટેલેન્ટેડ લોકોને પોતાના દેશમાં સારામાં સારી ઓફર આપણે બોલાવવાનું શરૂ કરી દીધું છે ડો. મેઘના સબરવાલ કહે છે, જો કે ભારતના પ્રયાસો પણ સારા જ છે છતાં જોઈએ તેવા પરિણામો મળ્યાં નથી. એક આંકડા પ્રમાણે યુએસમાં 21.6 મિલિયન સાયન્ટિસ્ટ અને એન્જિનિયર્સ પૈકી 16 ટકા વિદેશમાં જન્મેલા છે. જેમાંથી 22 ટકા ચાઈનાના છે અને 15 ટકા લોકો ઈન્ડિયાના છે. ઈનશોર્ટ યુએસના ગ્રોથમાં ચાઈના અને ઈન્ડિયાથી આવેલાનો ફાળો મહત્ત્વનો છે.

## આપણું ટેલેન્ટ આપણા દેશમાં આવે



મેઘના સબરવાલે કહ્યુ હતું કે, ચાઈનાએ 1 હજાર ટેલેન્ટ પ્રોગ્રામ અને 100 સ્કોલર્સ પ્રોગ્રામ અંતર્ગત સારામાં સારી સુવિધાઓ અને પેકેજ આપણે યુએસથી તેમના દેશમાં ટેલેન્ટેડ પીપલને બોલાવવાની શરૂઆત કરી છે. આપણા દેશમાં પણ વર્લ્ડક્લાસ લેવલી યુનિવર્સિટીમાં હજુ પણ વધારે ઈન્ડિયન ટેલેન્ટેડ યુએસથી પરત પોતાના વતન ફરે તે ઈન્ડિયાના હિતમાં રહેશે.

**Source:** Divya Bhaskar

**Date:** 20.9.13

**Page:** 01 ( City Bhaskar)